પ્રશ્ન-૫ નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (૦૮)

(૧) અંતર્મુખી વ્યક્તિત્વની કોઈપણ ચાર લાક્ષણિકતાઓ જણાવો.

(૨) અનુકૂલનની પ્રક્રિયાને ઘર કેવી રીતે પ્રભાવિત કરે છે ?

(૩) પ્રતિભાશાળી બાળક એટલે શું ?

(૪) ડિસ્લેક્સિયા (Dyslexia) નો અર્થ સ્પષ્ટ કરો.

(૫) ધ્યાન ન્યૂનતા રોગનાં કોઈપણ ચાર કારણો જણાવો.

પ્રશ્ન-૬ નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ એકનો માગ્યા મુજબ ઉત્તર લખો. (૧૦)

(૧) 'અભિપ્રેરણાની સંકલ્પના અને તેના પ્રકારો' વિષય સંદર્ભે તમારે વક્તવ્ય આપવાનું છે. વકતવ્યનોંધ તૈયાર કરો.

(૨) તમારા મિત્ર 'અધ્યયનને પ્રભાવિત કરતાં પરિબળો' સંદર્ભે મૂંઝવણ અનુભવે છે. તમે શું કરશો ?

પ્રશ્ન-૭ નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (૦૯)

(૧) વ્યક્તિત્વનો અર્થ સ્પષ્ટ કરો.

(૨) અપવાદરૂપ બાળક એટલે શું ? સમજાવો.

(૩) અધ્યયન અક્ષમતાની કોઈપણ એક વ્યાખ્યા આપી સમજાવો.

(૪) શૈક્ષણિક રીતે પછાત બાળકોના શૈક્ષણિક ફલિતાર્થોની ચર્ચા કરો.

પ્રશ્ન-૮ નીચેનામાંથી કોઈપણ બે પર ટૂંકનોંધ લખો. (૦૮)

(૧) ડિસ્લેક્સિયા (Dyslexia)નાં લક્ષણો

(૨) ધ્યાન ન્યૂનતા રોગગ્રસ્ત બાળકોનું શિક્ષણ

(૩) સર્જનશીલ બાળકોનાં લક્ષણો

-----